
Reg. No. G-24365
ડૉ.અરમાન એમ. બાયડ B.H.M.S.
ફેમીલી ફીઝીશીયન એન્ડ સર્જન
+ બાયડ ક્લિનિક +
નાના બાળકોથી વૃધ્ધો સુધીના તમામ રોગોની સચોટ નિદાન અને સારવાર
મદીના નગર, મોટાપીર રોડ ચોકડી, ભુજ.
ફોન : ૯૯૦૯૨ ૨૬૨૫૫ - સમય : સવારે ૯ થી ૨, સાંજે ૫ થી ૯



સત્ય આવી ગયું અને અસત્ય નાશ પામ્યું (અલ-કુર્આન ૧૭ : ૮૧)

# ફારૂક FAROOQ

www.farooqsaptahik.com

POSTAL REGN. No. G-KCH-146/2024-2026

Posting at BHUJ On Every FRIDAY • સાપ્તાહિક



Hooma Tea
એક અચ્છે દિન કી શરૂઆત.... હુમા ચાય કી ચુસ્કી કે સાથ....
હુમા ચા

F.A. TRADING CO.
મુ. લુણી, તા. મુંદરા, જી. કચ્છ-૩૭૦૪૧૦. કસ્ટમર કેર નં. : ૮૨૩ ૮૨૩ ૭૫૧૫



RNI No. GUJ GUJ / 2000 / 2443 ★ Year - 24th ★ Issue - 46 ★ Dhul-Qa'dah - 29, H. 1445 ★ 7-JUNE-2024, Friday ★ Pages - 4 ★ Price – Rs. 3/- ★ Visit us at : Farooqsaptahik.com

વાર્ષિક લવાજમ – Rs. 150/- ★ 'ફારૂક' સાપ્તાહિક મેળવવા સંપર્ક કરો : ફારૂક કાર્યાલય, સુમરા ડેલી સામે, ભુજ–કચ્છ. ૩૭૦ ૦૦૧. ફોન : 98253 76396. ★ E-mail : farooqsaptahik@gmail.com


# ભાજપને પૂર્ણ બહુમતી નહીં, JDU-TDPના સહારે

## 'ઈન્ડિયા' જાદુઈ આંકડાથી ૪૦ બેઠક દૂર, બિહાર–દિલ્હીમાં 'ઈન્ડિયા'ને આંચકો

દેશની 18મી લોકસભાના ચૂંટણી પરિણામો 4 જૂન ના જાહેર થયા જે એક્ઝિટ પોલના અનુમાનથી વિપરિત હતા. મોટા ભાગના એક્ઝિટ પોલે NDAને 370 થી વધુ બેઠકોની જાહેરાત કરી હતી જ્યારે કે NDA નો કુલ આંકડો 292 પર અટકી ગયો છે. 2014માં ફક્ત ભાજપને 282 અને 2019 માં 303 બેઠક મળી હતી જ્યારે કે 2024 માં ભાજપને માત્ર 240 બેઠક મળી છે. NDA એ સત્તા માટે જરૂરી 272 નો આંકડો પાર કરી લીધો છે. ગઠબંધનમાં કોઈ તિરાડ ન પડે તો વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સળંગ ત્રીજી વખત વડાપ્રધાન પદ જાળવી રાખશે.

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ એક્ઝિટ પોલને મોદી મીડિયા પોલ કહ્યા હતા અને ઈન્ડિયા ગઠબંધન 295+ બેઠક જીતશે, રાહુલનું 295નું સ્વપ્ન સાકાર નથી થયો પરંતુ 2019 ની સરખામણીએ કોંગ્રેસને 47 બેઠકનો ફાયદો થયો છે, ઈન્ડિયાને 107 બેઠકનો ફાયદો થયો છે જ્યારે કે NDA ને 52 બેઠકો અને ભાજપને 63 બેઠકોનું નુકસાન થયું છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વારાણસીમાંથી દોઢ લાખ મતથી જીત્યા છે જ્યારે કે 2014 માં 5 લાખ અને 2019 માં પોણા પાંચ લાખ મતથી વિજયી થયા હતા. આ વર્ષની તેમની જીત સૌથી ઓછી લીડથી થઈ છે. રાહુલ ગાંધી વાયનાડ બેઠક પરથી 3.64 લાખ અને રાયબરેલી બેઠક પરથી 3.9 લાખ મતથી જીત્યા છે. રાહુલ ગાંધી કઈ બેઠક પરથી રાજીનામું આપશે તે અંગે કોઈ સ્પષ્ટતા તેમણે નથી કરી. ભાજપે નરેન્દ્રભાઈ મોદીના ચહેરા પર ચૂંટણી લડી હતી જ્યારે કે કોંગ્રેસે બેરોજગારી, મોંઘવાલી, ખેડૂતોના પ્રશ્ન વગેરે મુદ્દા પર ચૂંટણીમાં ઉતરી હતી. 1962 માં પંડિત જવાહરલાલ નહેરૂ બાદ નરેન્દ્રભાઈ મોદી પ્રથમ વડાપ્રધાન છે જે સતત ત્રીજી વખત વિજયી થયા છે છતાં પણ 2019 ની સરખામણીએ NDA, ભાજપને થયેલ નુકસાન અને તેમની ઘટી ગયેલી લીડ (4.80 લાખમાંથી 1.52 લાખ) દર્શાવે છે કે તેમની લોકપ્રિયતા ઘટી છે.

પરિણામો બાદ નરેન્દ્રભાઈ મોદીએ દિલ્હી ખાતે ભાજપ મુખ્યાલયે ભાજપના કાર્યકરોને સંબોધતા કહ્યું કે, એકલા ભાજપે જેટલી બેઠકો મેળવી છે તેટલી બેઠકો સૌ વિપક્ષ સાથે મળીને નથી મેળવી શક્યા. NDA ગઠબંધનને સ્પષ્ટ બહુમતી આપવા બદલ દેશવાસીઓનો આભાર વ્યક્ત કર્યો હતો અને ત્રીજી ટર્મમાં મહત્વના નિર્ણયો લેવાનું ચાલુ રહેશે તેમજ ભ્રષ્ટાચાર વિરૂધ્ધ લડાઈ ચાલુ રહેશે તેમ કહ્યું હતું.

કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ લોકસભા ચૂંટણીમાં સારૂં પ્રદર્શન કર્યા બાદ એક પ્રેસ કોન્ફરન્સ સંબોધી હતી. તેમણે કહ્યું કે, પ્રજાએ કોઈ પક્ષને બહુમતી નથી આપી. આ લડાઈ પ્રજા વિરુધ્ધ મોદી હતી. PM મોદીએ અમારી વિરુધ્ધ જે જૂઠાણાં ફેલાવ્યા તે પ્રજાએ નકારી કાઢ્યા. અમારૂં અભિયાન સકારાત્મક હતું. અમે લોકોના મુદ્દા ઉઠાવ્યા. બેરોજગારી, મોંઘવારી જેવા મુદ્દાઓ પર આ ચૂંટણી લડી. આ PM મોદીનો નૈતિક પરાજય છે. અમે જનમતનો સ્વીકાર કરીએ છીએ. ખડગેએ કહ્યું કે, ભાજપે બંધારણીય સંસ્થાઓ પર કબજો કરવાનો પ્રયાસ કર્યો. તેમણે લોકોને પણ ધમકાવ્યા અને તેઓ ન માન્યા તો જેલમાં ધકેલી દીધા. આ ઉપરાંત તેમણે પાર્ટીઓ પણ તોડી. લોકો જાણી ગયા હતા કે, જો મોદીને બહુમતી મળશે તો તેનો દુરૂપયોગ થશે. ભાજપ આ વખતે ષડયંત્ર રચવામાં સફળ થયું નથી, તેની મને ખુશી છે. રાહુલ ગાંધીએ પત્રકારોને કહ્યું હતું કે, આ ચૂંટણી બંધારણને બચાવવાની લડાઈ હતી. દેશનો ગરીબ – સામાન્ય વર્ગ બંધારણ બચાવવા અમારી સાથે ઉભો રહ્યો. અમારી લડાઈ ફક્ત એક રાજકીય પક્ષ સામે ન હતી બલ્કે અમારી લડાઈ ભાજપ ઉપરાંત ભારતની સંસ્થાઓ, સરકારી માળખા, ગુપ્તચર, CBI, ED, અડધા ન્યાયતંત્ર સામે હતી જેના પર નરેન્દ્રભાઈ મોદી અને અમિતભાઈ શાહે કબ્જો જમાવી લીધો હતો અને તેમને ધમકાવ્યા હતા.

# અખિલ કચ્છ સૈયદ આલે રસૂલ સમાજના નવા પ્રમુખ સૈયદ હાજી અલીઅકબરશા ચીરઈવાલા વરાયા

(ન્યૂઝ ડેસ્ક)

તા. ૨–૬ ના અખિલ કચ્છ સૈયદ સાદાત આલે રસૂલ સમાજની મીટિંગ માંડવી – સલાયા ખાતે હઝરત મખદૂમ ઈબ્રાહીમ દરગાહ કમ્પાઉન્ડમાં મળી જેમાં સમૂહશાદી ૨૦૨૪નો હિસાબ રજૂ કરવામાં આવ્યો હતો. સમૂહશાદી સમિતિના પ્રમુખ પીર સૈયદ હાજીહુસૈનશા હાજીઅહેમદશા અને અખિલ કચ્છ સૈયદ સાદાત આલે રસૂલ સમાજના પૂર્વ પ્રમુખ પીર સૈયદ હાજીતકીશા હાજીઈબ્રાહીમશા નલીયાનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.



સૈયદ હાજીરફીકશા ગુલાબશા (ખારી રોહર), પીર સૈયદ મહેબૂબશા હુસૈનશા (અંજાર), પીર સૈયદ અહેમદશા અલહુસૈની (ભુજ) દ્વારા પીર સૈયદ હાજી અલીઅકબરશા ભચલશા નાની ચીરઈવાળાનું પ્રમુખ તરીકે પ્રસ્તાવ રાખવામાં આવ્યું હતું અને સર્વ સમાજે સહમતી આપતા તેમની બિનહરીફ વરણી કરવામાં આવી હતી.

પીર સૈયદ હાજી અલીઅકબરશા ભચલશા બાપુએ અખિલ કચ્છ સૈયદ સાદાત આલે રસૂલ સમાજનું આભાર માન્યું હતું અને સમાજ માટે તત્પર રહી તન, મન અને ધનથી મહેનત કરવાનો કોલ આપ્યો હતો.

# છેવાડાના જરૂરતમંદ દર્દીને સેવા ઉપલબ્ધ કરાવવા કચ્છ વ્યાપી નેટવર્ક ઉભો કરાશે

## વર્ષ ૨૦૨૫ના અંત સુધી કચ્છ મુસ્લિમ શિફા હોસ્પિટલ શરૂ કરવાની નેમ સાથે તમામ મુત્તવલીઓ–સામાજિક આગેવાનોને સાંકળવાનો અભિયાન

(ન્યૂઝ ડેસ્ક) તા. 31-5-24, શુક્રવારના ભુજ ખાતે મુસ્લિમ શિફા મેડિકલ ટ્રસ્ટ કાર્યાલય ખાતે ટ્રસ્ટની કારોબારી સભા મળી હતી જેમાં વર્ષ – 2024 ના અંત સુધી કચ્છ મુસ્લિમ શિફા હોસ્પિટલનો બાંધકામ પૂરો કરવાનો તથા વર્ષ 2025ના અંત સુધી હોસ્પિટલ શરૂ કરવાનો દ્રઢ નિર્ધાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

ટ્રસ્ટના પ્રમુખ હાજીઆદમ ચાકીના અધ્યક્ષસ્થાને મળેલી મીટિંગમાં ટ્રસ્ટના સદસ્યો સોનારા હાજીયાકુબ હાજીઈબ્રાહીમ અને એડવોકેટ સાજીદ માણેકને મંત્રીપદની જવાબદારી સોંપાઈ હતી. બાંધકામને વેગ આપવાની તેમજ વિશેષ મોનિટરિંગની જવાબદારી હાજીયાકુબને સોંપવામાં આવી હતી. એડવોકેટ સાજીદને સમગ્ર કચ્છની તમામ મસ્જિદના મુત્તવલી અને તે વિસ્તારના સામાજિક આગેવાનના નામ, ફોન નંબર મેળવી સંકલન સાધવાની જવાબદારી અપાઈ છે. વર્ષ 2025ના અંત સુધી હોસ્પિટલ શરૂ થાય તેની પૂર્વતૈયારી રૂપે આ નેટવર્ક ઊભો કરવામાં આવી રહ્યો છે જેથી આર્થિક રીતે નબળા (ઝકાતપાત્ર) દર્દીને શિફા હોસ્પિટલની સેવાઓ અત્યંત રાહત ભાવે અથવા વિના મૂલ્યે મળી રહે. શિફા હોસ્પિટલ સાથે રજીસ્ટર થયેલ મુત્તવલી તે વિસ્તારના અગ્રણીની ભલામણ ચિઠ્ઠીથી ઝકાતપાત્ર દર્દીને રાહત આપવામાં આવશે. ટ્રસ્ટ તરફથી અપીલ કરવામાં આવી છે



આ કાર્યમાં કચ્છભરની મસ્જિદના મુત્તવલીઓ – તે વિસ્તારના સામાજિક આગેવાનો એડવોકેટ સાજીદ માણેકને સાથ–સહકાર આપે. ટ્રસ્ટના પ્રમુખ હાજીઆદમ ચાકી અને ટ્રસ્ટી સૈયદ હાજીકાસમશા હાજીઅહમદશા બાવા આ સંકલન કાર્યમાં વિશેષ રૂપે માર્ગદર્શન આપી રહ્યા છે.

ટ્રસ્ટ તરફથી જણાવવામાં આવ્યું છે કે કચ્છ તેમજ કચ્છ બહારના સખી દાતાઓ તરફથી સારો સાથ–સહકાર મળી રહ્યો છે. જે દાતાઓએ દાનની રકમ જાહેર કરી છે તેઓ સત્વરે રકમની અદાયગી કરે તેવી અપીલ કરવામાં આવે છે. અત્યાર સુધી હોસ્પિટલ બાંધકામનો ખર્ચ જનરલ ફંડમાંથી ચૂકવવામાં આવી રહ્યો છે. સખી દાતાઓ વધુ પ્રમાણમાં ઈમદાદની રકમનું દાન કરે જેથી ઝકાત ફંડમાં જમા કુલ થાપણનો લાભ જરૂરતમંદ દર્દીઓને આપી શકાય.

ટ્રસ્ટીઓ તરફથી દાન મેળવવાના પ્રયત્ન જારી છે જે ગામોમાં માતબર રકમ જમા થઈ છે તેઓ ટ્રસ્ટીઓને આમંત્રણ આપે છે તે ગામોમાં ફંડ એકત્ર કરવા ટ્રસ્ટીઓ જઈ રહ્યા છે ઉપરાંત કચ્છનાં જે વિસ્તારો સુધી ટ્રસ્ટીઓ નથી પહોંચ્યા તે રૂટ પર પ્રવાસનું આયોજન થઈ રહ્યું છે.

આ મીટિંમાં ટ્રસ્ટના પ્રમુખ હાજીઆદમ ચાકી, ઉપપ્રમુખ હાજીસલીમ જત; મંત્રીઓ યુસુફ એ. જત, ઈસ્માઈલ એ. સોનેજી, હાજીયાકુબ સોનારા, એડવોકેટ સાજીદ માણેક, ખજાનચી હાજીઅબ્દુલકરીમ મેમણ, ટ્રસ્ટીઓ સૈયદ હાજીકાસમશા હાજીઅહમદશા, મેમણ હાજીસલીમ, ખત્રી અબ્દુલરશીદ, બાંધકામ સલાહકાર આર્કિટેક્ટ ફૈસલ ખત્રી, નાણાકીય સલાહકાર CA ઝહીર મેમણ ઉપસ્થિત રહ્યા હતા.

## વલ્લાહો અઅ્લમો

- ○ પપ્પા !
- ❑ જી, બેટા !
- ○ પલ્ટુરામ નિતિશકુમારની ગૂંલાટ ક્યારેક દેશ માટે વરદાન પણ સાબિત થઈ શકે ?
- ❑ વલ્લાહો અઅ્લમો !!

## : દિલી મુબારકબાદ :



સૈયદ હાજી અલીઅકબરશા ભચલશા
નાની ચીરઈ, તા. ભચાઉ.
પ્રમુખ : અખિલ કચ્છ સૈયદ આલે રસૂલ સમાજ

આપની ઉકત હોદા પર બિનહરીફ વરણી થઈ તે બદલ દિલી મુબારકબાદ. સૈયદ આલે રસૂલ સમાજને આપની કિંમતી સેવા મળતી રહે એવી દુઆ. આમીન.

: લી. દુઆગો :
એડવોકેટ સૈયદ હાજી મોઈનબાવા અમીરમીયાંબાવા
સૈયદ અર્શબાવા મોઈનબાવા
સૈયદ હમ્ઝાબાપુ મોઈનબાવા
એ. એ. સૈયદ એસોસિએટ્સ
૧૧૧-૧૧૨, પ્રથમ માળે, ધવલ કોમર્સીયલ કોમ્પલેક્ષ, જિલ્લા પંચાયત સામે, ભુજ-કચ્છ. મો. 98796 19608.


ROYAL CROWN
ફર્નિચર & ઈલેક્ટ્રોનિક્સ
નવી ડિઝાઈન અને નવી શ્રેણી સાથે...
પ્લોટ નં. ૫, ન્યુ મહેરૂન પાર્ક, પાટવાડી નાકા બહાર, ચાર રસ્તા પાસે, ભુજ-કચ્છ.
98257 08257 | 99792 54111
info@royalcrownbhuj.com


## કચ્છ કોહિનૂર રૂહાન કુરેશીને અભિનંદન

ખુદ હી કો કર બુલંદ ઈતના, હર તકદીર સે પહેલે,
ખુદા ખુદ બંદે સે પૂછે, બતા તેરી રઝા કયા હૈ ?



કુરેશી રૂહાન આરીફભાઈ

ગુજકેટની લેવાયેલી પરીક્ષામાં રૂહાનએ ૧૦૦% માર્કસ મેળવી સમગ્ર ગુજરાતમાં પ્રથમ નંબર લાવી, કચ્છ તેમજ મુસ્લિમ સમાજ, પરિવારનું નામ રોશન કરેલ છે.

કચ્છ કોહિનૂર 'રૂહાન'ને સલામ, અભિનંદન અને તરક્કી માટે દુઆ...

: લી. દુઆગો :
- નારેજા હાજી રમઝાન ઈબ્રાહીમ (નાના) (પૂર્વ આચાર્ય, સલાયા શાળા ૧)
- નારેજા હાજીયાણી ખતીજા હાજી રમઝાન (નાની)
- નારેજા અલ્તાફહુસૈન એડવોકેટ (મામા)
- નારેજા સમીના અલ્તાફહુસૈન (મામી)
- નારેજા મોહંમદમુનીર હાજી રમઝાન (મામા)
- નારેજા આરીફહુસૈન એડવોકેટ (મામા)
- નારેજા મહેરૂનિશા આરીફહુસૈન (મામી)
- નારેજા મન્સુરઅલી, અલીના, આમેના (ભાઈ-બહેન)

ફાનૂસ બનકર જીસકી હિફાઝત હવા કરે,
વો શમ્આ કયા બુજે જીસે રોશન ખુદા કરે.


○ ઝમઝમ બોટલ ○ એહરામ બેલ્ટ
○ તસ્બીહ ○ સુરમો
○ ટોપી
○ મુસલ્લા
○ પોકેટ કુર્આન
○ પોકેટ ૩૦ પારા
○ અત્તર

મુસ્તફા કિતાબ ઘર
સુમરા ડેલી સામે, ભુજ-કચ્છ. ફોન નં. 99092 26786.



WAY 2 MAP INTERNATIONAL TOURISM
Xplore/Educate/Enjoy..
IATA

: મોહર્રમ ઉમરાહ ૨૦૨૪ પેકેજ :
15 દિવસ રૂા. 79,999/- | 20 દિવસ રૂા. 89,999/-
હિલ્ટન પેકેજ : 1,05,000/- મક્કા હોટલ 0 મીટર
અમદાવાદ થી ડાયરેકટ ફલાઈટ - રવાનગી : ૨૫/૭/૨૦૨૪ ઈન્શાઅલ્લાહ

: ઉમરાહ સાથે ઈરાક ઝિયારત :
સફર દિવસ : 32, રૂા. 1,95,000/-
ઈદે મીલાદ મદીના મુનવ્વરામાં - ૧૧વીં શરીફ બગદાદ ગૌષે પાકની બારગાહમાં
અમદાવાદ થી અમદાવાદ - રવાનગી : ૧૧/૯/૨૦૨૪ ઈન્શાઅલ્લાહ

: ૧૨ રબીઉલ અવ્વલ ઉમરાહ :
15 દિવસ રૂા. 82,000/- | 20 દિવસ રૂા. 92,000/-
હિલ્ટન પેકેજ : 1,10,000/- મક્કા હોટલ 0 મીટર
અમદાવાદ થી ડાયરેકટ ફલાઈટ - રવાનગી : ૧૧/૯/૨૦૨૪ ઈન્શાઅલ્લાહ

૧૧વીં શરીફ ઈરાક ઝિયારત પેકેજ – 11 દિવસ રૂા. 98,000/-
અમદાવાદ થી અમદાવાદ - રવાનગી : ૧૦/૧૦/૨૦૨૪ ઈન્શાઅલ્લાહ

: વેકેશન ઉમરાહ ૨૦૨૪ પેકેજ :
15 દિવસ રૂા. 78,999/- | 20 દિવસ રૂા. 88,999/-
હિલ્ટન પેકેજ : 1,05,000/- મક્કા હોટલ 0 મીટર
અમદાવાદ થી ડાયરેકટ ફલાઈટ - રવાનગી : ૨૮/૧૦/૨૦૨૪ ઈન્શાઅલ્લાહ

| | | | |
|---|---|---|---|
| એહમદ મેમણ ભુજ 99987 07032 | પરવેઝ શેખ ભુજ 81405 85252 | મહેબુબ બલોચ માંડવી 88664 62757 | અબ્દુલગની જત ભુજ 99788 62189 |
| ઈમ્તિયાઝ સમા ભુજ 99747 59494 | મહેમુદશા સૈયદ ધ્રબ, મુંદરા 81606 01699 | અરબાજ સુમરા નલીયા 77779 78568 | અસલમ સોઢા નલીયા 91066 02051 |

હેડ ઓફીસ :- શોપ નં. ૩, દિત્તી આર્કેડ, ભાદરકા હોસ્પિટલ સામે, હોસ્પિટલ રોડ, ભુજ-કચ્છ. ઈરફાન મેમણ : ૮૪૯૯૧ ૭૧૯૮૪
માંડવી ઓફીસ :- કલવાન રોડ, જોશી રોટીવાલાની ઉપર, માંડવી-કચ્છ. આસીફ તુરીયા : ૮૫૩૦૩ ૫૪૮૮૯

**ભૂતકાળમાં ભારતના કોઈ વડાપ્રધાને આવી નફરતભરી, અસંસદીય, બરછટ શૈલી વાપરી સમાજના કોઈ ખાસ વર્ગ કે વિપક્ષને નિશાન નથી બનાવ્યા. મોદીજીએ વડાપ્રધાન પદની ગરિમા ઘટાડી છે.**

**– મનમોહનસિંહ (પૂર્વ વડાપ્રધાન)**

## ફારૂક સાપ્તાહિક તંત્રી સ્થાનેથી...

# લોકતંત્રની શક્તિનો પરચો

લોકતંત્રમાં ચૂંટણી પ્રક્રિયા માત્ર શાસક પસંદ કરવા માટે હોય છે. બાકીના દિવસોમાં શાસકે બંધારણ મુજબ દેશ અને દેશના નાગરિકોની સુખાકારી માટે સક્રિય રહેવું પડે છે. ચાહે તે નાગરિકો તે પક્ષના ટેકેદાર હોય કે ન હોય. તે જ રીતે લોકતંત્રના મૂળ ચાર સ્તંભ સંસદ, ન્યાયતંત્ર, અમલદારી, મીડિયા મુક્તપણે કાર્યરત હોય તે જ લોકતંત્રની ખૂબસૂરતી છે અને આ સ્તંભોની મજબૂતી જ નાગરિકોની સાચી આઝાદી છે. ભારતના રાજકારણમાં છેલ્લા બે–અઢી દાયકાથી ધ્રુવીકરણની રાજનીતિ શરૂ થઈ. ચૂંટણી જીતવા માટે સરળ – શોર્ટકટ બનેલ આ રાજનીતિનો વ્યાપ દિવસા – દિવસે વધતો ગયો. ભાજપ દ્વારા અગાઉ કોંગ્રેસને મુસ્લિમોનું તૃષ્ટિકરણ કરનારો પક્ષ દર્શાવવામાં આવ્યો. આ શ્રૃંખલાના ભાગરૂપે મુસ્લિમોને પારકાપણાનો અહેસાસ થાય તેવા નિવેદન દબેલા લફ્ઝોમાં કરવામાં આવતા, ધીરે ધીરે બીજી – ત્રીજી હરોળના નેતાઓ દ્વારા મુસ્લિમોને પારકા ચિતરતા નિવેદનો કરવામાં આવ્યા અને 2024ની લોકસભાની ચૂંટણીમાં દેશના ટોચના નેતા વડાપ્રધાન દ્વારા બાંસવાડા (રાજસ્થાન)ના ચૂંટણી પ્રચારમાં કહ્યું કે, ‘‘જ્યારે તેમની (કોંગ્રેસની) સરકાર હતી ત્યારે તેમણે કહ્યું હતું દેશની સંપત્તિ પર પહેલો અધિકાર મુસલમાનોનું હશે. તેનો અર્થ એ કે આ સંપત્તિ એકત્ર કરી કોને વહેંચશે ? જેમના વધુ બાળકો હશે તેમને વહેંચશે. ઘુસણખોરોને વહેંચશે. શું તમારી મહેનતના પૈસા ઘુસણખોરોને આપવામાં આવશે ? તમને મંજૂર છે આ ?’’ આ શબ્દે સીધે સીધા ભારતીય મુસ્લિમ નાગરિકોને ઘુસણખોરો દર્શાવે છે. અગાઉ CAA કાયદો પસાર થયો ત્યારે અમિતભાઈ શાહે CAA-NRC ની કોનોલોજી સમજાવી હતી. આવી પશ્ચાદભૂમિમાં વડાપ્રધાન પદ પર બિરાજમાન નેતા દ્વારા ચૂંટણી જીતવા મુસલમાનોને ઘુસણખોરો તરીકે સંબોધવો કેટલો ઉચિત છે ?

ભારત સદીઓથી વિવિધતામાં એકતામાં માનનારો દેશ છે. ભારતમાં વસતા તમામ જાતિ–ધર્મના નાગરિકો, વિવિધ ભાષાઓ–સંસ્કૃતિ સાથે નાતો ધરાવતા નાગરિકો ભારતીય તરીકે એક તાંતણે બંધાયેલા છે. ભારતની આ ખૂબી સદીઓ અગાઉ મુસ્લિમ શાસકોના શાસન કાળમાં પણ રહી છે તથા અંગ્રેજોના શાસનકાળ વખતે બખૂબી નજર આવી હતી. અંગ્રેજોએ ભારત પર પોતાનો શાસન મજબૂત બનાવવા હિન્દુ–મુસ્લિમોને લડાવવાના પ્રયત્ન કર્યા હતા પરંતુ અંગ્રેજોની આ ચાલ જ હિન્દુ, મુસ્લિમ, સિખ, ઈસાઈ વગેરે ભારતીયોની એકતાનો સબબ બની ને અંગ્રેજોએ ભારતમાંથી જવું પડયું. ભારતીયોની આ એકતા લશ્કરથી માંડીને રમત–ગમત, સિને જગત, હુન્નર, કારીગરી, વ્યાપાર સર્વત્ર નજર આવે છે. વડાપ્રધાનની આ ભાષાને ગોદી મીડિયાએ એક રાજકીય દાવ–તીર દર્શાવી તેને હવા આપી હતી પરંતુ ભારતના બુધ્ધીજીવી વર્ગે આ ભાષા શૈલીની સોશ્યલ મીડિયા તેમજ અન્ય મંચો પર ટિકા કરી હતી. લોકોને વડાપ્રધાનની આ ભાષા શૈલી પસંદ આવી ન હતી તે ખુદ બાંસવાડા (રાજસ્થાન)ના ચૂંટણી પરિણામો દર્શાવી રહ્યા છે. જ્યાં ભાજપના મહેન્દ્રજીતસિંહ માલવીયા ભારત આદિવાસી પાર્ટીના રાજકુમાર રોઅત સામે 2.47 લાખ મતોથી પરાજિત થયા છે. ભાજપે રામમંદિરનો મુદ્દો જોર–શોરથી ઉઠાવ્યો હતો. બાબરી મસ્જિદના સ્થાને નિર્માણાધીન રામ મંદિરનો ઉદ્દ્ઘાટન ચૂંટણીઓ પૂર્વે ધામધૂમથી દેશભરમાં ઉજવવાનો ભાજપે આહવાન કર્યો હતો પરંતુ ફૈઝાબાદ સંસદીય વિસ્તારમાં અયોધ્યા આવે છે તે બેઠક પર સમાજવાદી પાર્ટીના અવધેશ પ્રસાદ સામે ભાજપના લલ્લુસિંહ પરાજિત થયા છે.

જમ્મુ કશ્મીરની ચૂંટણી સભામાં નરેન્દ્રભાઈ મોદીએ રાહુલ ગાંધીનું લાલુ યાદવના ઘેર મટન પકાવવું અને તેજસ્વી યાદવનું ચૈત્ર નવરાત્રી દરમ્યાન માછલી ખાવાને તૃષ્ટિકરણ માટેનો અમલ ગણાવ્યો હતો અને મુગલ માનસિકતા સાથે સરખાવ્યું હતું તેમજ નોન વેજ ખાઈને કોની ભાવનાઓને ઠેસ પહોંચાડવા માંગો છો ? તેવો પ્રશ્ન કર્યો હતો. સહારનપુર (UP)ની ચૂંટણી સભામાં કોંગ્રેસના મેનિફેસ્ટોમાં મુસ્લિમ લીગની છાપ હોવાનું કહ્યું હતું તેમજ કોંગ્રેસના મેનિફેસ્ટોનું મનઘડત અર્થઘટન કર્યું હતું અને બહુમતી વર્ગની સંપત્તિ એકત્ર કરી કોંગ્રેસ પોતાની વોટ બેન્કમાં વહેંચણી કરી નાખશે જેવા નિવેદન કર્યા હતા.

ગોદી મીડિયાએ વડાપ્રધાનની આ હલકી ભાષા શૈલીને હવા આપી હતી પરંતુ ભારતના સાચા પત્રકારોએ નરેન્દ્રભાઈની આ ભાષા શૈલીની ખૂબ ટીકા કરી હતી. વડાપ્રધાન દેશ માટે એક આદર્શ વ્યક્તિ હોય છે. ખાસ કરી યુવાનો–બાળકો માટે રોલ–મોડેલ હોય છે. વિશ્વના સૌથી મોટા લોકતાંત્રિક દેશ ભારતનો વડાપ્રધાન હોવું એ સમગ્ર વિશ્વમાં આદરણીય સ્થાન ધરાવવું છે. ફક્ત ચૂંટણીઓ જીતવા માટે પોતાના જ દેશના નાગરિકોને નિશાન બનાવવા હલકી શૈલીની ભાષાને દેશના મતદારોએ જાકારો આપ્યો છે. નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં લડાયેલી ચૂંટણીમાં NDAને સ્પષ્ટ બહુમતી જરૂર મળી છે પરંતુ ભાજપને ગત ચૂંટણીની સરખામણીમાં 63 બેઠકનો નુકસાન દ્વારા સ્પષ્ટ સંદેશો પાઠવાયો છે કે ભારતની શોભા ‘વિવિધતામાં એકતા’માં છે પરસ્પર ફાટફૂટમાં નથી. ચૂંટણી પરિણામોએ મોદીને લોકતંત્રની શક્તિનો પરચો દેખાડયો છે.

## શરઈ અહકામ

**(કુર્આન શરીફ અને અહાદીસે મુબારકાની રોશનીમાં)**

**સંકલન : હસીનાબેન એ. મારા (B.Sc., B.Ed.), ભુજ–કચ્છ.**

# તહારત

(ગતાંકથી ચાલુ)

જો કપડા પર અલગ અલગ જગ્યાએ પેશાબ ઉડયો જેમકે, એક ટીપુ એક જગ્યાએ લાગ્યું, અને એક છાંટો બીજી જગ્યાએ ઉડયો એમ ત્રણ–ચાર અલગ અલગ જગ્યાએ છાંટા ઉડયા હવે, ક્યાંય પણ એક સાથે તો એક દિરહમ જેટલું પ્રમાણ જોવા નથી મળતું. કારણ કે પ્રવાહી **નજાસત (ગંદકી)** માટે હથેળીમાં જેટલું પાણી સમાય એટલી નજાસત લાગેલી હોવી જોઈએ. પરંતુ છાંટા ઉડયા છે તો એક જગ્યાએ ક્યાં પણ એક હથેળી જેટલી નજાસત સંગ્રહ નથી થઈ તો હવે અહીં અંદાજાથી વિચારવામાં આવે કે આ બધા જ છાંટા અલગ અલગ જગ્યાએ ઉડયા છે જો તેને ભેગા કરી લેવામાં આવે તો કેટલું પ્રમાણ બનશે ? જો એક દિરહમ થી વધારે બની જશે તો એ જ હુકમ છે કે, પાક કરવું ફરજ છે. જો એક દિરહમ બરાબર હોય એટલો અંદાજો કહે છે તો તેને પાક કરવું વાજિબ છે અને અંદાજો એમ કહે છે કે ના આ બધા જ છાંટા ને જો ભેગા કરી લેવામાં આવે તો એક દિરહમ જેટલું નહિં થાય તો તેને પાક કરવું સુન્નત છે.

અહીં એક મસઅલો એ પણ છે જો નાપાક તેલનું ટીપું કપડા પર પડયું, ત્યારબાદ ફેલાય છે તો એનો હુકમ શું હશે ? અહીં જે ટીપું પડયું એનું પ્રમાણ જોવામાં આવશે ? કે વસ્ત્ર ઉપર ફેલાઈ ગયું તેનું પ્રમાણ જોવામાં આવશે ? તો સહી મસઅલો એ જ છે જ્યારે ટીપું પડી અને વસ્ત્ર પર ફેલાઈ જાય એ ફેલાવાનું પ્રમાણ જોવામાં આવશે જો એક દિરહમ થી વધારે છે, તો પાક કરવો ફરજ. એક દિરહમ જેટલું છે, પાક કરવું વાજિબ અને દિરહમ થી ઓછું હોય તો પાક કરવું સુન્નતે કરીમા છે. આમ, નજાસતે ગલીઝા જો દળદાર છે તો દિરહમનો પ્રમાણ સાડા ચાર માશા (૪.૩૭૪ ગ્રામ) જેટલું વજન અને પ્રવાહી છે તો દિરહમનો પ્રમાણ હથેળી ની જેટલી પહોળાઈ છે તેટલો ફેલાવો.

**નજાસતે ખફીફા**નો હુકમ ખૂબ જ હળવો છે, એનો હળવો હુકમ એ છે કે, શરીર કે કપડા પર નજાસતે ખફીફા લાગે તો શરીર અથવા વસ્ત્રના ચોથા ભાગને ઘેરી લે તો એને પાક કરવું જરૂરી છે. ઉદાહરણ તરીકે તમારા કપડાની બાય, એ બાયના ચાર ભાગ કરો તો જે ચોથું ભાગ બને છે એ આખો ચોથો ભાગ **નજાસતે ખફીફા**થી ઘેરાઈ ગયું છે તો તેને પાક કરવું જરૂરી છે. એનાથી ઓછું હોય તો તેને પાક કરવું સુન્નત છે એ પરિસ્થિતિમાં પણ પાક કરવું સુન્નત છે. પરંતુ જો એનામાં જ નમાઝ પઢી લીધી એનાથી ઓછું હોય તો ફક્ત સુન્નત છે આ પરિસ્થિતિમાં પણ પાક કરવું જોઈએ પણ જો પાક ન કરીએ અને એ જ પરિસ્થિતિમાં જ નમાઝ પઢી લીધી તો નમાઝ ખિલાફે સુન્નત છે. નમાઝ થઈ જશે પરંતુ સવાબમાં કમી થશે.

**નજાસતે ગલીઝા** અને **નજાસતે ખફીફા** ના પ્રમાણની વાત કરીએ તો તે કપડા અને શરીરના સંદર્ભમાં છે પાણીના સંદર્ભમાં નથી. પાણીના સંદર્ભમાં જો નજાસતે ખફીફા કે ગલીઝા પડી જશે તો એ જ હુકમ થશે. જે અગાઉ તમારી સમક્ષ રજૂ કર્યું. જો વહેતા પાણીમાં નજાસત પડી છે તો અહીં જોવામાં આવશે કે નજાસતનો રંગ, વાસ કે સ્વાદ અનુભવાય છે કે નહીં. નથી અનુભવાતું, તો પાણી પાક છે. મોટા હોજ કે જેની લંબાઈ – પહોળાઈ નો ગુણાકાર ૨૨૫ ફૂટ આવે છે તો તે વહેતા પાણીના હુકમ માં છે કે, જ્યાં સુધી રંગ, વાસ, સ્વાદ ન અનુભવાય તો પાણી પાક છે. જો આમાંથી એક ગુણ પણ જાહેર થઈ જાય અથવા અનુભવાય તો નાપાક છે પરંતુ જો નાની ટાંકી હોય કે જેની લંબાઈ – પહોળાઈ નો ગુણાકાર ૨૨૫ ફૂટ નથી આવતો તો એનામાં આ બન્ને નજાસતો પૈકી કોઈનું એક ટીપું પણ પડી જશે તો પછી તેનું પ્રમાણ જોવામાં નહિં આવે તેનું કુલ પાણી નાપાક થઈ જશે.

ફુકહા એ ઈસ્લામે એક વાતનું વર્ણન કર્યું છે કે, એટલા સુક્ષ્મ છાંટા જે સોઈની અણી બરાબર હોય (અતિ સુક્ષ્મ છાંટા) તેને માફ રાખવામાં આવ્યા છે. એનું કારણ છે કે અગાઉના સમયમાં જે વ્યવસ્થા હતી ત્યાં આ છાંટાથી બચવું લગભગ અશક્ય હતું. પરંતુ આધુનિક સમયમાં વોશરૂમ ની સગવડ છે. આથી ખૂબ સાવચેત રહેવાની જરૂર છે.

**(ક્રમશઃ)**

**(છેલ્લા પાનાથી ચાલુ)**

**અખિલ કચ્છ મંધરા સમાજ...**

શિફા હોસ્પિટલના ઉપપ્રમુખ સલીમભાઈ જતે જણાવ્યું કે શિફા હોસ્પિટલ માટે અત્યાર સુધી 14 કરોડ જેટલી રકમ જમા થઈ ગયેલ છે અને હજી પણ અમો તમારી પાસે ડોનેશન માટે આવશું અને આ સમૂહશાદીના મંચ ઉપર શિફા હોસ્પિટલની વિગત દર્શાવવાની પરવાનગી આપવા બદલ આયોજકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

મંધરા સમાજના યુવા પ્રમુખ અને કોંગ્રસના અગ્રણી ઈકબાલભાઈ મંધરાએ જણાવ્યું કે, આ સમૂહશાદી માટે માત્ર મંધરા સમાજ પાસેથી ડોનેશન લીધેલ છે અને આ સમૂહશાદીમાંથી બચત થયેલ રકમ અમે સમાજ તરફથી શિફા હોસ્પિટલમાં દાન કરશું.

આ પ્રસંગે અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા, સૈયદ હાજીસુલતાનશા બાવા, પૂર્વ ધારાસભ્ય જાવેદભાઈ પીરઝાદા, જયદીપસિંહ જાડેજા, વીરભદ્રસિંહ જાડેજા, રાણુભા જાડેજા, કિશોરસિંહ જાડેજા, મહાવીરસિંહ જાડેજા, રમદેવસિંહ જાડેજા, હનીફ બાવા પઢિયાર, હાજીજુમા રાયમા, હાજીઅબ્દુલ્લા રાયમા, સાલેમામદ પઢિયાર, શિફા મેડિકલ ટ્રસ્ટના ચેરમેન હાજીઆદમ ચાકી, હાજીદાઉદ બોલિયા, સૈયદ તકીશા બાવા, સૈયદ કાદરશા બાવા – ચરોપડી, સૈયદ જુસબશા બાવા – મોથાળા, હાજી અબ્દ્રેમાન ખલીફા, શકીલ સમા, શંભુ ભાનુશાલી, હાજીમામદ જુંગ જત, રઝાક હિંગોરા, અભુ હિંગોરા, પી. સી. ગઢવી, હાજીસુલેમાન પઢિયાર, વિક્રમસિંહ જાડેજા – નાગ્રેચા, વિક્રમસિંહ જાડેજા – વિંઝાણ, હાસમ મંધરા, મોડ સુમરા, નરેન્દ્રસિંહ જાડેજા, પ્રમુખ હાજીઅબ્દુલ્લાહ ઓસમાણ નોડે, ડાડા જત, જાફર અલ્લારખા હિંગોરા, વિજય કોલી, નરેશ મહેશ્વરી, માધુભા એન. જાડેજા, જુસબ બાફણ, ઈસ્માઈલ બાફણ મામા, પૂંજુભા જાડેજા, સૈયદ મહંમદશા બાવા, હિંગોરા હાજીઅલીમામદ, મુસા ઓસમાણ હાલેપોત્રા, સાલેમહંમદ હાલેપોત્રા, ઈબ્રાહીમ ત્રાયા – શિકારપુર, અશરફ તુર્ક – ધ્રબ, આરિફ રાઉમા – બુઢારમોરા, હાજીજુણસ કુંભાર, સિદ્દીક મુસા કુંભાર, ઈશાક લાંગાય, મુસ્તાક હિંગોરજા માજી કાઉન્સિલર ભુજ નગરપાલિકા, અલી લાખા કેર, સુજાપર સરપંચ જામભા સોઢા, જુણેજા સમાજ પ્રમુખ ઈબ્રાહીમ બાવા જુણેજા, હાજીગની માંજોઠી – મુંદરા, અસગર નૂરાની, અબ્દુલ્લાહ ઓઢેજા, મજીદ પઠાણ, માજી ઈન્સ્પેકટર ઈશાક હિંગોરા, રઝાક લંગા તથા બહોળી સંખ્યામાં મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ સમૂહશાદીના આયોજનને સફળ બનાવવા કચ્છ મંધરા સમાજના પ્રમુખ હાજીનૂરમહંમદ મંધરા, કચ્છ મંધરા યુવા પ્રમુખ ઈકબાલભાઈ મંધરા, ઈસ્માઈલ હાજીઈબ્રાહીમ મંધરા, ઈસ્માઈલ ઈશાક મંધરા, હાસમ મંધરા તથા મંધરા હાજીઈસ્માઈલ માસ્તર – સાંયરા, ઉમર મંધરા – શિરવા, ઈબ્રાહીમ મંધરા – મીંઢીયારી, હાજી અબ્દ્રેમાન મંધરા – સલાયા, વલીમામદ મંધરા – ધૂફીમોટી, હાજીહાસમ મંધરા – સાંયરા, હાજીહાસમ હારૂન મંધરા – આમરવાંઢ, કાસમ મંધરા – નાગ્રેચા, હાજીઓસમાણ મંધરા – રાયધણપર, આદમ મંધરા – કાળાતળાવ તથા સમસ્ત કચ્છ મુસ્લિમ મંધરા સમાજ તથા સમૂહશાદી સમિતિએ જહેમત ઉઠાવી હતી.

સંચાલન હાજીઅબ્દુલકરીમ હાજીઈસ્માઈલ, મૌલાના મંધરા હાફિઝ હાસમ અત્તારી તથા મંધરા હાજીહાસમ જુમ્મા દ્વારા કરવામાં આવ્યું હતું.

## માનવજ્યોત દ્વારા કેરા મધ્યે કાર્યાલય શરૂ કરાયું

(ન્યૂઝ ડેસ્ક)



માનવજ્યોત સંસ્થા ભુજ દ્વારા માનવસેવા, જીવદયા, પર્યાવરણ અને વ્યસનમુક્તિ સાથે 49 પ્રવૃત્તિઓ ચાલી રહી છે. આ પ્રવૃત્તિઓ સમગ્ર કચ્છ, ગુજરાત, દેશભરમાં પહોંચે તેવા ઉદેશ સાથે સહદેવસિંહ જાડેજાનાં સહકારથી તા. ૧–૬ ના કેરા–કચ્છ મધ્યે કાર્યાલયનો આરંભ કરાયો છે.

કાર્યાલય પ્રારંભ પ્રસંગે કેરા – કુંદનપરનાં સામાજિક આગેવાન વિનોદભાઈ લાલજીભાઈ પાંચાણીએ દીપપ્રાગટ્ય કરી કાર્યાલયને વિધિવત ખુલ્લું મૂક્યું હતું.

આ પ્રસંગે અતિથિવિશેષ પદ કેરા સરપંચ મદનગીરી ગોસ્વામી, ગોવિંદભાઈ ભુડિયા, હરીશભાઈ ખેતાણી, અલ્પેશભાઈ મેપાણી, દેવેન્દ્રભાઈ વાઘજીયાણી, રવજીભાઈ કેરાઈ, લાલજીભાઈ વેકરીયાએ શોભાવ્યું હતું.

પ્રારંભે માનવજ્યોત સંસ્થાના મંત્રી સુરેશભાઈ માહેશ્વરીએ મહેમાનોને આવકાર આપ્યો હતો. સંસ્થાના ઉપપ્રમુખ પૃથ્વીરાજસિંહ જાડેજાએ પ્રસંગ મહત્વ સમજાવ્યું હતું. સંસ્થાનાં પ્રમુખ પ્રબોધ મુનવરે સંસ્થાની કચ્છભરમાં ચાલી રહેલી પ્રવૃત્તિઓની માહિતી આપી હતી.

કાર્યક્રમનું સંચાલન શંભુભાઈ જોષીએ, વ્યવસ્થામાં આનંદ રાયસોની, કનૈયાલાલ અબોટી, ગોવિંદભાઈ પાટીદાર, મુરજીભાઈ ઠક્કર, પ્રવિણ ભદ્રા, રસીકભાઈ, જયેશભાઈ દવે, વનરાજસિંહ જાડેજા, આનંદસિંહ જાડેજા, ભરતસિંહ જાડેજા, લખધીરસિંહ દાદુભાઈ જાડેજા, હાજીભાઈ સમેજા, મહેશ્વરી સમાજનાં કાર્યકરોએ સહકાર આપ્યો હતો.

## કચ્છી વાર્તા સંગ્રહ ‘સાટા પતાસા’ નું વિમોચન થયું

(ન્યૂઝ ડેસ્ક)




તા. ૨૯–૫ ના જાયન્ટ્સ હોલ ભુજ ખાતે જાયન્ટ્સ ગ્રુપ ઓફ ભુજ અને કચ્છી સાહિત્ય મંડળના સંયુક્ત ઉપક્રમે કચ્છી ગદ્યકાર ગૌતમભાઈ જોષીના ૪૦મા પુસ્તક ‘સાટા પતાસા’ નું વિમોચન શહેરના લબ્ધપ્રતિષ્ઠિત કવિઓ, સાહિત્યકારો અને સાહિત્ય રસિક જનતાની હાજરીમાં કરવામાં આવ્યું.

કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને જાયન્ટ્સ ગ્રુપ ભુજના પ્રમુખ અરૂણકુમાર જોષી અને મુખ્ય મહેમાન તરીકે ‘કચ્છમિત્ર’ દૈનિકના તંત્રી દીપકભાઈ માંકડ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે અતિથિવિશેષ તરીકે સામાજિક અગ્રણી જોરાવરસિંહજી રાઠોડ, કાન્તીભાઈ ગોર ‘કારણ’ (પ્રથમ કુલપતિ કચ્છ યુનિવર્સિટી), લાલજી મેવાડા ‘સ્વપ્ન’ સ્થાપક કચ્છી સાહિત્ય મંડળ અને ડો. મધુકાંત આચાર્ય રહ્યા હતા.

પુસ્તકનું વિમોચન મુખ્ય મહેમાન દીપકભાઈ માંકડે અન્ય મહાનુભાવો સાથે મળીને કરેલ હતું. પધારેલા તમામ મહાનુભાવોનું શાલ વડે સન્માન જાયન્ટ્સ ગ્રુપ મંત્રી અભિલાષ મહેતા, ખજાનચી હરિલાલ યાદવ, બીપીન ઠક્કર, વિનોદ ગોર, પ્રદીપ જોષી, અશોક માંડલિયા અને હેમંત ઠક્કર દ્વારા કરવામાં આવેલ હતું.

કાન્તીભાઈ ગોરે ગૌતમભાઈના સાહિત્યમાં સંશોધન માટે મટીરિયલનો ખજાનો પડેલ હોવાનું જણાવી તેનો યુવાનોએ લાભ લેવા જણાવેલ.

કાર્યક્રમમાં શહેરના સાહિત્ય રસિક ઝવેરીલાલ સોનેજી, ઉપેન્દ્ર ઉપાધ્યાય, કમળાબેન ઠક્કર, નૂતનબેન મહેતા, પુષ્પાબેન વૈધ, દિલીપ આચાર્ય, જગદીશ ગોર ‘શરમાળ’ અને રમીલાબેન મહેતા તથા સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ઇબાદત સપ્તાહ

| તારીખ | સૂર્યોદય | સૂર્યાસ્ત | ઝવાલ | અસ્ર | સહેરી | ઈફતાર |
|---|---|---|---|---|---|---|
| ૧૦–૦૬–૨૪ | ૬–૦૮ | ૭–૩૭ | ૧૨–૫૩ | ૫–૩૫ | ૪–૨૮ | ૭–૪૧ |
| ૧૧–૦૬–૨૪ | ૬–૦૮ | ૭–૩૭ | ૧૨–૫૩ | ૫–૩૫ | ૪–૨૮ | ૭–૪૧ |
| ૧૨–૦૬–૨૪ | ૬–૦૮ | ૭–૩૮ | ૧૨–૫૩ | ૫–૩૫ | ૪–૨૮ | ૭–૪૨ |
| ૧૩–૦૬–૨૪ | ૬–૦૮ | ૭–૩૮ | ૧૨–૫૩ | ૫–૩૫ | ૪–૨૮ | ૭–૪૨ |
| ૧૪–૦૬–૨૪ | ૬–૦૮ | ૭–૩૮ | ૧૨–૫૩ | ૫–૩૫ | ૪–૨૮ | ૭–૪૨ |
| ૧૫–૦૬–૨૪ | ૬–૦૮ | ૭–૩૮ | ૧૨–૫૩ | ૫–૩૫ | ૪–૨૮ | ૭–૪૨ |
| ૧૬–૦૬–૨૪ | ૬–૦૮ | ૭–૩૯ | ૧૨–૫૩ | ૫–૩૫ | ૪–૨૮ | ૭–૪૩ |

બાજુમાં દર્શાવેલ સમય ભુજ-માંડવી માટે છે.

કચ્છના અન્ય શહેરો માટે નીચે પ્રમાણે મિનિટો વધ-ઘટ કરવી

મુંદરા માટે ૨ મિનિટ બાદ કરવી
અંજાર માટે ૩ મિનિટ બાદ કરવી
કંડલા માટે ૩.૩૦ મિનિટ બાદ કરવી
ભચાઉ માટે ૫ મિનિટ બાદ કરવી
રાપર માટે ૬ મિનિટ બાદ કરવી
નખત્રાણા માટે ૨ મિનિટ ઉમેરવી
નલિયા માટે ૩ મિનિટ ઉમેરવી
લખપત માટે ૪ મિનિટ ઉમેરવી

# મદરસા ઉમ્મુલ હસનૈનનો વાર્ષિક જશ્ન ઉજવાયો

(રફીક ચાકી, કોટડા (ચ.) દ્વારા)

કુકમા (તા. ભુજ) ખાતે મદરસાએ ઉમ્મુલ હસનૈનનો વાર્ષિક જશ્ન ઉજવાયો. આ મદરસામાં 135 દીકરીઓને મફત દીની તાલીમ આપવામાં આવે છે. જ્યાં આલીમા સુધી કોર્સ શિખવવામાં આવે છે.



મદરસાનો વાર્ષિક જશ્ન તા. ૨–૬ ના ઉજવાયો. ફરઝંદે મુફતીએ આઝમે કચ્છ મૌલાના સૈયદ મોહમ્મદઅમીનશા બાવા, પીર સૈયદ અહમદશા અલહુસૈનીના અધ્યક્ષ સ્થાને ઈનામ વિતરણ રાખવામાં આવ્યું હતું, સાથે સાથે ધો. ૧૨ બોર્ડની પરીક્ષામાં કુકમા હાઈસ્કૂલમાં 88.28% સાથે પ્રથમ નંબર આવનાર કુંભાર અકસાબાનુ નું વિશેષ સન્માન કરવામાં આવેલ. અમીનશા બાવાએ તકરીરમાં દીની તાલીમ સાથે શાળાકીય તાલીમ મેળવવા પર ભાર મૂક્યું હતું.

કાર્યક્રમની શરૂઆત મૌલાના આલમ, મૌલાના ગુલઝાર, મૌલાના હાફિઝ એ તિલાવતે કુર્આન સાથે કરી હતી. મિંયાણી પટ્ટીના કુકમા, લેર, રેલડી સહિત ગામના લોકો હાજર રહેલ. મોકરશી ઓસમાણ હાજીદાના, મિંયાજી સત્તારબાપુ હુસૈન, હાજી સુલેમાન કક્કલ, રમજુ સના, જુસબ જુમ્મા સૌરા, હુસૈન મથડા, સુલેમાન સના, અકબરશા સૈયદ, રમજુ ત્રાયા, અબ્દુલ કેવર, આમદ જસીયા, સાલેમામદ ત્રાયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આલિમાનું કોર્સ કરનાર સેલિના મોહસિન મલેકનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં પીર સૈયદ અ.હમીદશા, સૈયદ હાજી મોહંમદશા, સૈયદ હસનશા, સૈયદ અકબરશા, સૈયદ બરકતશા, સૈયદ નસીબશા સહિત સાદાતે કિરામ હાજરી આપેલ. સંચાલન સત્તાર મિંયાજીએ કરેલ. કુકમા એહલે સુન્નત વ જમાઅતની યુવા કમિટીનો સહયોગ રહ્યો હતો.

## A1 ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓ



અલિઝા રમજુ ખત્રી
ધો. 10, 95.83%,
શ્રી K.K.M.S. ગર્લ્સ હાઈસ્કૂલ,
અંજાર-કચ્છ.



ફરહાન મુનીર ખત્રી
ધો. 10, 94.5%,
સેંટ એન્ડ્રુઝ હાઈસ્કૂલ,
ભુજ-કચ્છ.

### અલ્પસંખ્યક અધિકાર સંગઠન–કચ્છ દ્વારા

# સ્માર્ટ મીટરનો વિરોધ કરાયો

(ન્યૂઝ ડેસ્ક)

અલ્પસંખ્યક અધિકાર સંગઠન–કચ્છના કન્વીનર મહંમદ એ. લાખાએ જીલ્લા કલેકટરશ્રી અને PGVCLના CEOને પત્ર લખી રજૂઆત કરી છે કે, ગુજરાત રાજયના વિવિધ શહેરોમાં સ્માર્ટ મીટરથી લોકો મૂંઝવણ અનુભવી રહ્યા છે. સૌપ્રથમ સ્માર્ટ મીટર ટ્રાયલ માટે સરકારી કચેરીઓ અને ઔદ્યોગિક એકમોમાં લગાડવામાં આવશે તેવી સ્પષ્ટતા કરાઈ છે. સરકારી કચેરીઓના બિલ સરકારી કર્મચારીઓએ પોતાના ખિસ્સામાંથી ભરવાના હોતા નથી પરંતુ તે સરકાર જ ભરે છે. જ્યારે ઔદ્યોગિક એકમો કે જે પોતાના વ્યાપક નફામાંથી આવા સ્માર્ટ મીટરના બિલ ભરી શકે છે. માત્ર ગરીબ શ્રમજીવી મજૂર વર્ગ પર આનો બોજ ન આવી પડે અને ગરીબ શ્રમજીવી મજૂર વર્ગના રોટલા ના છીનવાઈ જાય તે બાબતે લોકો અને અખબારી માધ્યમોમાં આ બાબતે સ્પષ્ટતા કરવામાં આવે તેવી રજૂઆત કરાઈ છે.

ઉપરાંત જણાવાયું કે એક માહિતી મુજબ વડોદરા શહેરમાં 15,000 ઘરોમાં આ સ્માર્ટ મીટર લાગ્યા પછી બિલ વધુ આવતા હોવાની ફરિયાદ લોકોએ કરી છે.

# અખિલ કચ્છ મંધરા સમાજ આઠમી સમૂહશાદી યોજાઈ

*** સમૂહશાદીમાં બચેલ રકમ શિફા હોસ્પિટલને દાનમાં આપવાની જાહેરાત ***

*** ગ્યાશુદીન શેખ, ઈમરાન ખેડાવાલાએ શિફાને મદદરૂપ થવા ખાત્રી આપી ***

*** ભાચૂંડા (અબડાસા) ખાતે યોજાયેલ સમૂહશાદીમાં ૧૨ યુગલ નિકાહથી જોડાયા ***

(કાસમ ખલીફા, મુંદરા દ્વારા)

તા. ૨–૬ ના ભાચૂંડા (અબડાસા) ખાતે અખિલ કચ્છ મંધરા સમાજ આયોજિત આઠમી સમૂહશાદી યોજાઈ જેમાં ફરઝંદે મુફતીએ કચ્છ મૌલાના સૈયદ હાજી અમીનશા બાવાએ ૧૨ નિકાહની અદાયગી કરાવી હતી અને તકરીર ફરમાવી હતી જેમાં શરિઅતના કાયદા વિશે જાણકારી આપી સમૂહશાદીના ફાયદા વિશે સમજણ આપી હતી. નિકાહોમાં વકીલ તરીકે મંધરા હાજી ઓસમાણ હાજીહુસૈન તથા ગવાહો મંધરા હાજી સાલેમહંમદ હાજીનૂરમામદ અને મંધરા આદમ મુસા રહ્યા હતા. આ સમયે મંધરા સમાજ સંગઠનના સ્થાપક તથા સમાજ રત્ન મર્હુમ હાજીઅબ્દુલ્લાહ (ઈભલા શેઠ)ને ખાસ યાદ કરી તેમના કાર્યોને બિરદાવવામાં આવ્યા હતા.





આ પ્રસંગે ખાસ અમદાવાદથી પધારેલા મહેમાનો મુસ્લિમ એકતા મંચના પ્રમુખ ઈમ્તિયાઝ પઠાણે જણાવ્યું હતું કે મુસ્લિમ સમાજના કોઈ યુવાન ખોટે રસ્તે ન જાય તેની તકેદારી રાખો અને સમાજનું ભલું ઈચ્છતા લોકોને મદદરૂપ થાઓ. ઈસ્લામમાં ખોટો ખર્ચ કરવો મનાઈ છે અને આ સમૂહશાદીથી ખોટો ખર્ચ બચશે. આ કાર્યનો તમામ શ્રેય ઈકબાલભાઈ મંધરાને જાય છે.

પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે જણાવ્યું કે, સામાજિક અને કોમી એકતા દેશ અને ગુજરાતને પ્રગતિના પંથ ઉપર લઈ જશે અને આ સમૂહશાદીમાંથી બચત થયેલ રકમ શિફા હોસ્પિટલમાં દાન કરવાની નિયતને બિરદાવી હતી.

લગ્નમાં ખોટા ખર્ચ કરવાથી બચી ભવિષ્યનો ખ્યાલ કરી આગળની જિંદગી સારી બનાવો, પતિ–પત્નીમાં પ્રેમ વધારો અને સુખમય જીવન વિતાવો, સાથે શિફા હોસ્પિટલ માટે સૌને મદદ કરવાની અપીલ સાથે હું પણ સરકારી યોજનાઓનો લાભ શિફા હોસ્પિટલમાં મળે તે માટે સહયોગ કરીશ તેવું જમાલપુરના ધારાસભ્ય ઈમરાનભાઈ ખેડાવાલાએ જણાવ્યું હતું.

(અનુસંધાન પાના ૨ ઉપર)

## ★ ★ ★ ★ તેજસ્વી તારલા ★ ★ ★ ★

આફરિન અકબરઅલી ખોજા
ધો. 12, 87.4%,
આગાખાન શાળા,
મુંદરા-કચ્છ.

તમન્ના હારૂન સમેજા
ધો. 10, 84.5%,
વાહેદના શાળા,
ભુજ-કચ્છ.

શાહીદ ગફુર રાયમા
ધો. 10, 83.16%,
વાહેદના શાળા,
ભુજ-કચ્છ.

આસિફ જુસબ બકાલી
ધો. 10, 79.16%,
વાહેદના શાળા,
ભુજ-કચ્છ.

મહેક અનવર સોઢા
ધો. 10, 78%,
વાહેદના શાળા,
ભુજ-કચ્છ.

જીનલ ઈબ્રાહીમ આરબ
ધો. 10, 75.83%,
વાહેદના શાળા,
ભુજ-કચ્છ.

આલીમા અ.વાહીદ અન્સારી
ધો. 10, 75.33%,
વાહેદના શાળા,
ભુજ-કચ્છ.

તજકીરા અ.કાદરખાન પઠાણ
ધો. 10, 73.5%,
વાહેદના શાળા,
ભુજ-કચ્છ.

અમરીન ઈમ્તિયાઝ ખલીફા
ધો. 10, 73.16%,
વાહેદના શાળા,
ભુજ-કચ્છ.

અરહાન હમીદ લોહાર
ધો. 10, 72.66%,
વાહેદના શાળા,
ભુજ-કચ્છ.

આલીયા દાઉદ લુહાર
ધો. 10, 71.16%,
વાહેદના શાળા,
ભુજ-કચ્છ.

મેરુનીશા સલીમ ચાકી
ધો. 10, 69.5%,
વાહેદના શાળા,
ભુજ-કચ્છ.

અમરીન ગુલામહુસૈન મણીયાર
ધો. 10, 68.5%,
વાહેદના શાળા,
ભુજ-કચ્છ.

મુહમ્મદ અલમીર શાહિદ અકબર મલેક
ધો. 10, 66.33%,
મુસ્લિમ હાઈસ્કૂલ, ભુજ-કચ્છ.

શાહીના શકીલ લોહાર
ધો. 10, 65.16%,
વાહેદના શાળા,
ભુજ-કચ્છ.

તમન્ના રઝાક નોડે
ધો. 10, 65.16%,
વાહેદના શાળા,
ભુજ-કચ્છ.

જસીરાબાનુ રઝાક હાડા
ધો. 10, 65%,
વાહેદના શાળા,
ભુજ-કચ્છ.

બિલાલ અબ્બાસ ખલીફા
ધો. 10, 65%,
વાહેદના શાળા,
ભુજ-કચ્છ.

અકબર જુસબ ચાકી
ધો. 12, 66.14%,
બી. એમ. વિદ્યાલય, મોટા લાયજા,
તા. માંડવી-કચ્છ.

મુસ્કાન મામદ હજામ
BBA, Sem.-6, 74.57%,
Graduation Complete 77.98%
શેઠ શૂરજી વલ્લભદાસ કોલેજ, માંડવી.

ધો.૧૦ અને ધો.૧૨માં ૬૫%થી વધુ માર્કસ મેળવનાર વિદ્યાર્થીઓની તસવીર મફત પ્રસિધ્ધ કરવામાં આવશે. વિદ્યાર્થીની તસવીર, માર્કશીટની નકલ, શાળાનું નામ, ગામ લખી મોકલવા. 98253 76396.
Email : farooqsaptahik@gmail.com

ઓલ ઈન્ડીયા કાદરી મિશન
ઝમીન કે ઉપર કામ... ઝમીન કે નીચે આરામ...
ભુજ-કચ્છ કી જાનિબ સે ઉલમાએ એહલે સુન્નત કી નિગરાની મેં
તકસીમવાલી કુર્બાની
સિર્ફ એહલે સુન્નત કે લિયે
એક હિસ્સે કી રકમ 1500
સિર્ફ તકસીમ
સાત હિસ્સા (પુરા જાનવર) 10500
અપને હિસ્સે કી રકમ ઈસ પતે પર જમા કરવાએ
સૈયદ એહમદશાહ હસનશા 99749 30456
મેમણ અબ્દુલઅઝીઝ (સુફી) 94280 80321 - 95375 93380
હસન રઝવી 98258 58868
મેમણ જાવેદ ભાઈ 97121 54948 માંડવી સીટી.
અરમાન માંજોઠી 99255 21274
ગામ : ગઢશીશા, તા. માંડવી-કચ્છ.
Axis Bank A/c. No. 919010001598018
IFSC Code : UTIB0001587
Mo. 96387 86583
ઓલ ઈન્ડિયા કાદરી મિશન
96387 86583

ડિલક્ષ પેકેજ ઉમરાહ - Rs. 99,999/-, 20 દિવસ
રવાનગી : તા. ૨૧/૦૭/૨૦૨૪ ઈન્શાઅલ્લાહ
ડાયરેક્ટ ફ્લાઈટ - અમદાવાદ થી અમદાવાદ
મક્કા હોટલ : 500 મીટર-મદીના હોટલ 200 મીટર
મક્કા ઝિયારત - મદીના ઝિયારત
રબીઉલ અવ્વલ ઉમરાહ બુકીંગ ચાલુ છે
ખત્રી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
મૌ.સોહેબ ખત્રી 9727862939
શબ્બીરભાઈ ખત્રી 9712050986
ફરસાણી દુનિયા સામે, સુહાગ રીંગ રોડ, ભુજ.

એ.કે. ફેબ્રીકસ
નમાઝ ટોપી, હાજી રૂમાલ
ઓઢણા સ્કાર્ફ રૂમાલી
વિમલ સ્ટેશનરી પાસે, સિધ્ધી બુક સ્ટેશનરી સામે, બેઝમેન્ટ, કચ્છી દશા શ્રીમાળી જૈન વાડી, વાણીયાવાડ, ભુજ-કચ્છ.
ફોન : ૯૪૦૮૪૪૬૯૬૯, ૯૧૦૬૬૯૭૯૩૦, ૯૪૨૬૬૭૮૬૦૬.

સોનેજી બ્રધર્સ (તેરાવાલા)
સોના-ચાંદીના દાગીનાના વેપારી
મેઈન બજાર, નલીયા-કચ્છ.
અબ્બાસ સોનેજી ૯૯૨૫૮ ૧૮૭૮૬
સીરાજ સોનેજી ૯૭૨૫૨ ૨૦૦૯૨
ઘી વાળી શેરી, શરાફ બજાર, ભુજ.
ઈકબાલ સોનેજી ૯૯૨૫૩ ૧૨૨૫૮
ઈર્શાદ સોનેજી ૯૫૩૭૪ ૨૫૯૯૯

રજી. નં. ઈ-૩૩૫૦/કચ્છ.

**મુસ્લિમ શિફા મેડિકલ ટ્રસ્ટ**
નવા રેલ્વે સ્ટેશન સામે, ભુજ-કચ્છ. ફોન : ૭૩ ૮૩ ૮૫ ૩૩ ૫૦

તા. ૦૩/૦૬/૨૦૨૪ સુધી મળેલ દાન

| | | |
|---|---|---|
| 10,000/- | ફેમીદાબેન મોહંમદઈકબાલ ખત્રી | ભુજ |
| 6,000/- | લોહાર મામદભાઈ હાજી કાસમ | ભુજ |
| 2,51,000/- | જત સલીમભાઈ હાજી ઈસ્માઈલ | વીડી |
| 51,000/- | નિઝામભાઈ ખોજા | ભુજ |
| 5,000/- | થૈબા સિદીકભાઈ અબ્દુલસત્તાર | - |
| 5,000/- | હિંગોરા હુસૈનભાઈ મામદ | - |
| 80,000/- | મંજલ તરા મુસ્લિમ જમાત | નખત્રાણા |

રૂા. ૫,૦૦૦/- થી વધુ દાન આપનાર દાતાઓના નામ 'ફારૂક' સાપ્તાહિકમાં તેમની સહમતી થી પ્રસિધ્ધ કરવામાં આવશે

મોહર્રમ ઉમરાહ
રવાનગી ઈન્શાઅલ્લાહ 25 જુલાઈ
ડાયરેક્ટ ફ્લાઈટ
માત્ર 98000/- ૨૦ દિવસ
• મક્કા-મદીનામાં હરમ શરીફ નજીક રહેવાનું.
• કચ્છી મુઘલાઈ જમણવાર.
• મક્કા-મદીના તાએફ બદર જીયારત.
• લોન્ડ્રી સર્વિસ.
ઈરાક જીયારત
માત્ર 95000/- ૧૦ દિવસમાં ૫૦ થી વધારે જીયારત
રવાનગી ઈન્શાઅલ્લાહ ઓગસ્ટ મહીનામાં
૨૭ વર્ષના અનુભવ, બયાન અને માહિતી સાથે દરેક મકામતની હાજરી
Since 1995 Hajipir HAJ TOUR
સુમરા ડેલી ચાર રસ્તા, ભુજ, કચ્છ ગુજરાત. ૩૭૦૦૦૧
Mob. 99796 78692 | 99747 78692 | 90650 78692

Editor, Printer, Publisher and Owner Yousuf A. Jat, Printed at Elite Printers, Opp. Sumra Deli, Bhuj-Kutch and Published from Maiwali street, Sawaya faliya, Bhuj-Kutch(Gujarat). Mo. : 98253 76396
તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક યુસુફ એ. જત; મુદ્રણ સ્થાન : એલાઈટ પ્રિન્ટર્સ, સુમરા ડેલી સામે, ભુજ–કચ્છથી છાપીને માઈવાલી શેરી, સવાયા ફળીયા, ભુજ–કચ્છથી પ્રસિદ્ધ કર્યું. મોબાઈલ : ૯૮૨૫૩ ૭૬૩૯૬, E-Mail : farooqsaptahik@gmail.com